દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
ગુરુવાર ૧૬ એપ્રિલ, ૨૦૨૬

દેશમાં લોકસભાની બેઠકો વધારવાનો મુદ્દો મોટું રાજકીય ઘમાસાણ ઉભું કરશે

ભારતના રાજકારણમાં આગામી દિવસોમાં જે મોટું રાજકીય ઘમાસાણ થશે તે લોકસભામાં બેઠકોમાં વધારા મુદ્દે થશે. હાલમાં લોકસભાની 543 બેઠકો છે અને હવે કેન્દ્રની ભાજપ સરકાર આ બેઠકોમાં વધારો કરીને તેને 850 કે તેથી વધુ કરવા માંગે છે. ભારતમાં છેલ્લે 1976 માં (1971 ની વસ્તી ગણતરીના આધારે) લોકસભાની બેઠકોની સંખ્યામાં છેલ્લો મોટો વધારો થયો હતો, જે બાદ 1977ની ચૂંટણીમાં અમલમાં આવ્યો. હવે 2026માં નવી વસતી ગણતરી થવાની છે. જેના આંકડા 2027માં જાહેર કરવામાં આવશે અને તેના આધારે લોકસભાની બેઠકોનું નવું સીમાંકન કરવામાં આવશે. બની શકે છે કે આગામી વર્ષ 2029ની લોકસભાની ચૂંટણીમાં આ નવી લોકસભાની બેઠકો પર ચૂંટણી લડવામાં આવે. હાલમાં જે નવું સંસદ ભવન બનાવવામાં આવ્યું છે. તેમાં 888 સાંસદો બેસી શકે તેટલી વ્યવસ્થા કરવામાં આવી છે. એટલે કે નવા ગૃહમાં જગ્યા પૂરતી છે પરંતુ લોકસભાની બેઠકોના વધારાના મુદ્દે ભાજપ અને કોંગ્રેસ સહિતના રાજકીય પક્ષો વચ્ચે લડાઈ શરૂ થઈ ચૂકી છે અને તેમાં પણ સૌથી મોટો મુદ્દો દક્ષિણ ભારતના રાજ્યોમાં લોકસભાની બેઠકોનો વધારો અને ઉત્તર ભારતના રાજ્યોમાં લોકસભાની બેઠકોના વધારાના વધુ અંતરને કારણે ઉભો થયો છે. કેન્દ્ર સરકાર દ્વારા લોકસભામાં એપ્રિલ માસમાં જ બંધારણ (131મો સુધારો) બિલ, 2026 રજૂ કરવામાં આવ્યો છે. આ બિલ મંજૂર થયા બાદ નવું સીમાંકન કરવામાં આવશે. જ્યાં જ્યાં વસતી વધુ પ્રમાણમાં વધી છે ત્યાં લોકસભાની બેઠકો વધશે.

આ નવા સીમાંકનમાં સૌથી વધુ બેઠકોનો વધારો ઉત્તર પ્રદેશ, બિહાર, મહારાષ્ટ્ર, અને પશ્ચિમ બંગાળ જેવા વસ્તી ધરાવતા રાજ્યોમાં જોવા મળી શકે છે. હાલમાં અંદાજ પ્રમાણે યુપીમાં હાલમાં જે લોકસભાની 80 બેઠકો છે તેમાં વધારો થઈને તે 120 થઈ શકે છે. જ્યારે ગુજરાતમાં પણ લોકસભાની હાલની 26 બેઠકો વધીને 39 થવાની શક્યતા છે. લોકસભામાં મહિલાઓ માટે 33 ટકા બેઠકો અનામત રાખવા માટે જોગવાઈ કરવામાં આવી છે ત્યારે આ નવી બેઠકોનો લાભ મહિલાઓને સૌથી વધુ મળશે. હાલમાં સીટોમાં વધારાનું ડ્રાફ્ટ બિલ સાંસદો સાથે શેર કરવામાં આવ્યું છે. પ્રસ્તાવ મુજબ, 850 માંથી 815 બેઠકો રાજ્યોને અને 35 બેઠકો કેન્દ્રશાસિત પ્રદેશોને આપવામાં આવશે. આ પ્રસ્તાવને લાગુ કરવા માટે બંધારણના અનુચ્છેદ 81 માં સુધારો કરવામાં આવશે. આ માટે 16 એપ્રિલથી સંસદનું ત્રણ દિવસનું વિશેષ સત્ર બોલાવવામાં આવ્યું છે. તેમાં મહિલા અનામત બિલ પર પણ ચર્ચા થશે. જોકે, આ બિલનો વ્યાપક વિરોધ શરૂ થયો છે. દક્ષિણ ભારતના રાજ્યો દ્વારા એવો મુદ્દો રજૂ કરાયો છે કે કેન્દ્ર સરકારની વસતી વધારા પર નિયંત્રણની નીતિનું અમે પાલન કર્યું અને તેને કારણે અમારી વસતી વધી નથી. તેની સજા અમને મળવાની હોય તો અમારો વિરોધ કરવો પડે તેમ છે. તેલંગાણાના મુખ્યમંત્રી એ રેવંત રેડ્ડીએ કહ્યું છે કે, જો બેઠકો પ્રમાણના આધારે વધારવામાં આવશે, તો દક્ષિણી રાજ્યોમાં મહિલાઓ, SC અને ST સમુદાયોને નુકસાન થઈ શકે છે. આ પગલું દક્ષિણી રાજ્યોની રાજકીય તાકાત ઘટાડવાનું ષડયંત્ર હોઈ શકે છે.

રાજ્યસભા સાંસદ કપિલ સિબ્બલે કહ્યું કે સરકાર આ પગલું 2029ની લોકસભા ચૂંટણીમાં રાજકીય લાભ લેવાના ઉદ્દેશ્યથી લાવી રહી છે. જો સરકાર મહિલાઓને 33% અનામત આપવા માંગે છે, તો તે હાલની 543 બેઠકોમાં જ લાગુ કરી શકાય છે. બેઠકો વધવાથી ઉત્તર ભારતને વધુ ફાયદો થશે. યુપીમાં બેઠકો 120 થવાની સાથે મહારાષ્ટ્રમાં મહિલાઓ માટે 24 બેઠકો અનામત થઈ જશે. અહીં લોકસભાની બેઠકો 48 થી વધીને 72 થઈ જશે. બિહારમાં પણ મહિલા બેઠકોની સંખ્યા 20 થઈ શકે છે. અહીં કુલ બેઠકો 40 થી 60 સુધી પહોંચી શકે છે. એમપીમાં 15 મહિલા અનામત બેઠકો વધી શકે છે. તમિલનાડુમાં 20 અને દિલ્હીમાં 4 એટલે કે મહિલા બેઠકો હશે. ઝારખંડમાં 7 મહિલા અનામત બેઠકો વધવાનો અંદાજ છે. લોકસભાની બેઠકો વધારવા માટેની આ કવાયત આગામી દિવસોમાં વધુ વિવાદી બને તેવા એંધાણ મળી રહ્યા છે. કેન્દ્રની ભાજપ સરકાર મહિલા અનામતના નામે એવી રીતે સીટો વધારવા માંગે છે કે જે રાજ્યોમાં તેમનું વર્ચસ્વ છે તે રાજ્યોમાં લોકસભાની બેઠકો વધુ વધે કે જેથી તેમને ફાયદો થાય. જ્યારે દક્ષિણના રાજ્યોમાં ભાજપનું વર્ચસ્વ નથી. જેને કારણે વિપક્ષોને નુકસાન થાય તેમ છે. આગામી દિવસોમાં લોકસભામાં બેઠકો વધારવાના બિલ પર ચર્ચાઓ થશે અને બાદમાં તે મંજૂર થશે કે કેમ?તે સમય કહેશે પરંતુ ત્યાં સુધીમાં દેશમાં મોટી રાજકીય લડાઈ ચાલશે તે ચોક્કસ છે.

કમોસમી વરસાદથી ગુજરાતના કેસર અને હાફૂસ કેરીનાં પાકને વ્યાપક નુકસાન: ખેડૂતો તરફથી સરકાર પાસે અપેક્ષાઓ

વાતાવરણના ફેરફારે ગુજરાતની કૃષિને ભારે અસર કરી છે. અરબી સમુદ્રનું ગરમ થવું, વૈશ્વિક ઉષ્ણતા વધારો અને અનિયમિત વરસાદની તરાહ અથવા પેટર્ને ચોમાસુ અને રવિ પાકોને અસર કરી છે. ગુજરાતમાં માર્ચ-એપ્રિલ ૨૦૨૬માં અસમયના વરસાદ અને તોફાનની આગાહીઓ આવી રહી છે. આ વરસાદ ખાસ કરીને બાગાયત પાકો - આંબા, ચીકુ, કેળ વગેરેને જોખમમાં મૂકી રહ્યો છે. ખેડૂતના મોંમાં આવેલ કોળિયો ઝૂંટવાઈ જાય તેવી પરિસ્થિતિ ઊભી થઈ છે.

કેસર ગિરનારના પહાડી વિસ્તારોમાં તેમજ ગીર, સોમનાથ, વંથલી તેમજ કચ્છના કેટલાક વિસ્તારોમાં પ્રખ્યાત છે, જ્યારે અલ્ફોન્સો દક્ષિણ ગુજરાતમાં વધુ પાકે છે. આ બંને જાતોનું ઉત્પાદન રાજ્યની અર્થવ્યવસ્થા અને નિકાસમાં મહત્વનું યોગદાન આપે છે. પરંતુ કસમયના વરસાદે આ પાકોને ભારે નુકસાન પહોંચાડ્યું છે.

જૂનાગઢના મેંદરડા વિસ્તારમાં કેસર આંબાના ૯૦% પાકનો વિનાશ થયો એમ કહેવાય છે. દક્ષિણ ગુજરાતમાં હાફૂસ અને કેસરમાં ૩૦થી ૪૦% સુધીનું નુકસાન નોંધાયું. કેસર આંબામાં મીઠાશ અને રંગની ખાસિયત છે, પરંતુ વરસાદથી તેની સુગંધ અને ટેક્સ્ચર ઘટે છે. અલ્ફોન્સોની પાતળી છાલ વરસાદમાં વધુ અસરગ્રસ્ત થાય છે, જેના કારણે ફળો બજારમાં વેચી શકાતાં નથી. દક્ષિણ ગુજરાતમાં કેરીના વેપારનું ટર્નઓવર આશરે ૫૦૦ કરોડ રૂપિયા છે. કસમયના વરસાદથી આ વેપાર જોખમમાં છે.

હોર્ટિકલ્ચરમાં માત્ર કેરી જ નહીં, ચીકુ, કેળ, પપૈયા અને અન્ય ફળો પણ અસરગ્રસ્ત થાય છે. પરંતુ હાફૂસ અને કેસર ગુજરાતની બ્રાન્ડ છે, જે દેશભર અને વિદેશમાં પ્રખ્યાત છે. આ પાકોનું નુકસાન ખેડૂતોની આવકને અસર કરે છે અને બજારમાં પાકી કેરીના ભાવ વધારે છે અને કસમયે પડી ગયેલ ફળોનાં ભાવ ઘટાડે છે. કમોસમી વરસાદને કારણે કેસરના ભાવમાં ૪૦૦ રૂપિયાનો ઘટાડો અને રાજાપુરીમાં ૨૦૦ રૂપિયાનો ઘટાડો જોવા મળ્યો છે. આ નુકસાનની અસર માત્ર ટૂંકા ગાળાની ખોટ નથી. ખેડૂતો કરજમાં ડૂબી જાય છે, બેંક વ્યાજ વધે છે અને પરિવારોનું જીવન અસરગ્રસ્ત થાય છે. કેરીના પાકને નુકસાનથી પરિવહન, પેકિંગ, પ્રોસેસિંગ અને નિકાસ ઉદ્યોગો પણ પ્રભાવિત થાય છે. ખેડૂતો તરફથી ગુજરાત સરકાર પાસે આ બાબતે કેટલીક અપેક્ષાઓ છે. પહેલી અને સૌથી મહત્વની અપેક્ષા છે નુકસાનનો ત્વરિત સર્વે અને વાસ્તવિક વળતર. હોર્ટિકલ્ચર વિભાગે વલસાડ, નવસારી, સુરત, ભરૂચ અને જુનાગઢમાં સર્વે શરૂ કર્યા છે, પરંતુ ખેડૂતોની માંગ છે કે પંચનામાં ત્વરિત થાય જેથી પુરાવા નાશ ન પામે. વળતર પ્રતિ હેક્ટર અથવા પ્રતિ વૃક્ષ આધારિત હોવું જોઈએ અને વાસ્તવિક નુકસાન કરતાં વધુ હોવું જોઈએ. ૨૦૨૫માં કસમયના વરસાદ માટે સરકારે રાહત પેકેજ આપ્યું હતું, પરંતુ હોર્ટિકલ્ચર પાકો માટે વિશેષ સમજદારી સાથેનું પેકેજ જોઈએ.

સરકારે પાક વીમા યોજનાને (પીએમએફબીવાય અને રાજ્ય સ્તરની યોજનાઓ) હોર્ટિકલ્ચર માટે વધુ અસરકારક બનાવવી જોઈએ. આંબાના બગીચાઓ માટે વીમા કવર વધારવું અને ક્લેઈમ ત્વરિત મંજૂર કરવા. ત્રીજી અપેક્ષા છે પુનઃવાવેતર અને બગીચા પુનઃસ્થાપન માટે સબસિડી અને સંદર્ભ પાસેથી માહિતી સંકલિત કરી નુકસાન પછી નવા રોપા, ગ્રાફ્ટિંગ અને ખાતર માટે સહાય આપવી.

હવામાન આગાહી અને ચેતવણી વ્યવસ્થાને મજબૂત કરવી જોઈએ. મોબાઈલ એપ, એસએમએસ અને વોટ્સએપ ગ્રુપ્સ દ્વારા કેરીના ખેડૂતોને ત્વરિત સૂચના મળવી જોઈએ. સરકારના બાગાયત વિભાગે વાતાવરણ પ્રતિરોધક જાતોનું સંશોધન કરવું જોઈએ. કેસર અને હાફૂસની વધુ મજબૂત, રોગ-પ્રતિરોધક અને કસમયના વરસાદનું વિઘ્ન સહન કરી શકે તેવી જાતો વિકસાવવી. નવસારી અને આણંદ કૃષિ યુનિવર્સિટીને આ માટે સરકારે વધુ ફંડ આપવું જોઈએ.

ખેડૂતોની એવી પણ માંગ છે કે બજાર સપોર્ટ મળવો જોઈએ. સરકારે અલ્ફોન્સો (હાફૂસ) અને કેસરના ન્યૂનતમ આધાર ભાવ (એમએસપી) જેવી વ્યવસ્થા અથવા સીધી ખરીદી શરૂ કરવી. પલ્પ અને પ્રોસેસિંગ યુનિટ્સને સબસિડી આપીને નુકસાનીવાળા ફળોનો શક્ય તેટલો ઉપયોગ કરવો.

કરજ માફી અને વ્યાજ સહાય તેમજ આંબાના બગીચા માટે લોન પર વ્યાજ માફી અને નવી લોન માટે સરળતાની પણ જરૂરિયાત છે.

આ ઉપરાંત, ખેડૂતોને તાલીમ આપવી જોઈએ - વરસાદમાં આંબાના બગીચાનું રક્ષણ કેવી રીતે કરવું, ડ્રેનેજ સુધારવું, પ્લાસ્ટિક કવરિંગ અથવા એન્ટી-હેલ નેટ વાપરવું. સરકારે હોર્ટિકલ્ચર માટે વિશેષ રાહત પેકેજ જાહેર કરવું જોઈએ જેમાં કેરી પકવતા ખેડૂતોને પ્રાથમિકતા મળે. ગુજરાત સરકારે આ દિશામાં છેલ્લાં વર્ષોમાં કેટલાંક પગલાં લીધાં છે, જેમ કે નુકસાન બાબતે ઝડપી સરવે અને રાહત. પરંતુ હોર્ટિકલ્ચર, ખાસ કરીને હાફૂસ અને કેસર કેરી માટે વધુ વ્યાપક અને ત્વરિત કાર્યવાહી જરૂરી છે. જો સરકાર અને ખેડૂતો સાથે મળીને કામ કરશે તો આ જોખમોને ઘટાડી શકાશે. આપણી કેરીની હાફૂસ અને કેસર જેવી જાતો ગુજરાતની શાન છે. તેઓ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બજારમાં ગુજરાતનું નામ રોશન કરે છે. કસમયના વરસાદના આ જોખમને ધ્યાનમાં રાખીને વધુ સારી યોજનાઓ બનાવવી જરૂરી છે. જેથી સરકાર ખેડૂતો સાથે તેમના કસમયનાં હવામાન પલટાના સંકટ સમયે તેમની સાથે ઊભી રહેશે અને તેમની મહેનતને સુરક્ષિત કરશે એવી ખાતરી થાય.

ઈકો-નોમિક્સ
ડૉ.જયનારાયણ વ્યાસ

આ વરસાદ ખાસ કરીને બાગાયત પાકો - આંબા, ચીકુ, કેળ વગેરેને જોખમમાં મૂકી રહ્યો છે. ખેડૂતના મોંમાં આવેલ કોળિયો ઝૂંટવાઈ જાય તેવી પરિસ્થિતિ ઊભી થઈ છે

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

જમીન ભીની રાખો

ગામમાં બહુ ઓછો વરસાદ પડ્યો હતો, બધા પાણી બચાવી રહ્યા હતા અને ખેડૂતો ચિંતામાં હતા કે ખેતરને હવે ખેડવા કેમ? પાણી વિના ખેતી કેમ કરશું? ઘણાએ ખેતર ખેડવાનું જ માંડી વળ્યું. ગામને પાદરની થોડે દૂર જંગલની શરૂઆત પહેલા એક સાવ ઉજ્જડ જમીન હતી ત્યાં એક ફકીર રહેતો હતો તે ઘણી દૂર જઈને નદી તળાવ શોધી પાણી લઇ આવીને જમીનને ભીની કરતો રહેતો. ઉજ્જડ જમીન હતી, ખેડેલી જમીન ન હતી, બસ ફકીર તેને રોજ પાણી નાખીને ભીની કરતો. ગામ લોકો તેને પાગલ કહેતા અને આમ પાણીનો બગાડ ન કરવા કહેતા પણ તે કોઈનું સાંભળતો નહીં અને જમીન ભીની જ રાખતો. કઈ વાવતો નહીં. જમીન ખેડતો પણ નહીં માત્ર તેને પાણી નાખી ભીની રાખતો. એક સાધુ ત્યાંથી પસાર થયા તેમને ફકીરને પાગલ ન ગણ્યો પણ પાસે જઈને પૂછ્યું, 'બાબા, આ જમીન ઉજ્જડ છે, ખેડેલી નથી તમે તેમાં કઈ વાવ્યું નથી તો પછી તેમાં રોજ પાણી શું કામ નાખો છો.' ફકીર તો પાણી નાખતો રહ્યો માત્ર એટલું જ બોલ્યો, 'મન અને જમીન ભીના હોવા જરૂરી છે.' સાધુ આગળ નીકળી ગયા ફકીરે પોતાનું કામ ચાલુ રાખ્યું. જમીનમાં લીલું ઘાસ ઉગવા લાગ્યું હતું. ધીમે ધીમે ઉજ્જડ જમીન હરિયાળી થવા લાગી. ફકીર પોતાનું કામ કરતા રહ્યા. થોડા વર્ષો પછી સાધુ ફરી ત્યાંથી પસાર થયા તેમના મનમાં પેલા ફકીરની યાદ આવી. એક લીલાછમ ઘાસ અને સુંદર ફૂલ છોડ અને વૃક્ષોથી લહેરાતો બગીચો જોઇને રોકાયા કે બે ઘડી આરામ કરી લઉં. તેમને ત્યાં આજુબાજુ આરામ કરતા વટેમાર્ગુઓને પૂછ્યું, 'અહીં એક ઉજ્જડ જમીનને ભીની રાખતો ફકીર હતો તે ક્યાં છે?' વટેમાર્ગુ બોલ્યો, 'સાધુ બાબા, આ લહેરાતો બગીચો ફકીરે ભીની રાખેલી ઉજ્જડ જમીન જ છે અને તેઓ આ બગીચાની સંભાળ ગામના યુવાનોને સોંપી પોતે થોડે દૂર આવેલી ઉજ્જડ જમીનને ભીની રાખવામાં વ્યસ્ત છે.' સાધુ ફકીરબાબાને મળવા ગયા જોયું તો તેઓ હજી જમીનને પાણી નાખી ભીની કરી રહ્યા હતા. સાધુએ પૂછ્યું, 'બાબા, પેલી ઉજ્જડ જમીન પર આવો સુંદર બગીચો તમે ઉગાડ્યો બહુ સરસ' ફકીર બોલ્યા, 'મેં કઈ નથી કર્યું મેં તો જમીન માત્ર ભીની રાખી. પવન સાથે ઉડીને કે પંખીઓ દ્વારા ચાંચમાંથી પડીને કે વટેમાર્ગુઓએ ફેંકેલા બીજ ત્યાં પડીને જમીન ભીની હોવાથી ઉગ્યા. જમીન ભીની હોય તો કઈ પણ ઉગી શકે હંમેશા મન અને જમીન ભીના રાખવા.' સાધુ બોલ્યા, 'બાબા એટલે?' ફકીર બોલ્યા, 'જો જમીન ભીની હોય તો તેની પર પડેલ બીજ ઊગી નીકળે તેમ જો મન સંસ્કારો અને લાગણીથી ભીનું હોય તો જે કઈ સારા વિચાર મળે તે ખીલી ઉઠે.' ફકીરે બહુ ઊંડી વાત સમજાવી.

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

માથાના દુખાવાની ગોળી લો તો પર્યાવરણ પર અસર થાય?

આપણને ઠીક નથી લાગતું. આથી આપણે કોઈક ગોળી લઈએ છીએ. એ પછી આપણને બહેતર જણાય છે. બસ, વાત પૂરી. આમ તો, આ આખો મામલો રેપરમાંથી ગોળીના નીકળવાથી આપણા પેટમાં પહોંચવા સુધીનો જ ગણાય. આની પર્યાવરણ પર કશી વિપરીત અસર પડી શકે એ આપણી કલ્પના બહારની વાત છે, પણ આજે ઔષધીય એટલે કે ફાર્માસ્યુટિકલ પ્રદૂષણ પર્યાવરણ માટે માથાના દુખાવા સમાન બની રહ્યું છે એ હકીકત છે. નદી, તળાવ તેમજ ભૂગર્ભ જળમાં વિવિધ ઔષધિઓના અવશેષ મળી આવે છે. જૈવિક રીતે સક્રિય હોય એવાં સંયોજનોમાં 'એ.પી. આઈ.' (એક્ટિવ ફાર્માસ્યુટિકલ ઈન્ગ્રેડિયન્ટ/સક્રિય ઔષધિય ઘટકો) ની હાજરી હવે દરેક ખંડની જળપ્રણાલીઓમાં જોવા મળી રહી છે. આ સમસ્યાનો વ્યાપ આધુનિક દવાઓના ઝડપી વિકાસની સાથે તેજ બન્યો છે. વિશ્વભરમાં આશરે ચાર હજાર ઔષધિય ઘટકો ચલણમાં છે. એ પૈકીના 631 ઘટકો અથવા તેનાં રૂપાંતરોને 71 દેશોના પર્યાવરણમાં ભળેલાં ઓળખી કાઢવામાં આવ્યાં હોવાનું સંયુક્ત રાષ્ટ્રસંઘના એક અહેવાલમાં જણાવાયું છે.

રેપરમાંથી આપણા શરીરમાં થઈને પર્યાવરણમાં ભળવાની દવાની આ મુસાફરી આમ જોઈએ તો જટિલ નહીં, પણ સીધીસાદી છે. આપણે એન્ટિબાયોટિક, એન્ટિ ડિપ્રેસન્ટ કે દર્દશામક દવાઓ લઈએ ત્યારે તેના અમુક હિસ્સાનું પાચન જ આપણા શરીરમાં થાય છે. એ સિવાયનો હિસ્સો મળમાર્ગે બહાર નીકળીને સ્યુએજ પ્રણાલીમાં જાય છે. નિકાલ કરાયેલાં પાણીની ટ્રીટમેન્ટ કરતાં મોટા ભાગના પ્લાન્ટ આવાં જટિલ રસાયણોને દૂર કરી શકે એવી પ્રણાલી ધરાવતા નથી હોતાં. આથી મોટા ભાગના ઔષધિય અવશેષ આવા ટ્રીટમેન્ટ પ્લાન્ટમાંથી હેમખેમ પસાર થઈને છેવટે નદી, તળાવ કે તટીય પર્યાવરણ પ્રણાલીમાં ભળે છે.

પાકિસ્તાનમાં વહેતી રાવી નદી ઔષધિય પ્રદૂષણમાં વિશ્વભરમાં મોખરે છે. આવી દવાઓ સૌ વરસોથી લેતા આવ્યા છે, તો શું અચાનક તેનાં ઘટકોનું પ્રદૂષણ શરૂ થઈ ગયું? વિજ્ઞાનીઓના મત અનુસાર, આ ઘટકો પર્યાવરણમાં વરસોથી મોજૂદ હશે, પણ બહેતર નિરીક્ષણને કારણે હવે તેની ઉપસ્થિતિની જાણ થવા લાગી. વેસ્ટવોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ તેની સાંદ્રતા 90 થી 95 ટકા ઘટાડી શકે છે, છતાં તેનો નાનકડો અંશ પાણીમાં રહી જાય છે. કદાચ માનવોને એની વિપરીત અસર ઓછી થાય એમ બને, પણ પાણીમાં રહેતાં જળચરોની વિવિધ પ્રજાતિઓને તે મોટું નુકસાન કરી શકે છે. અલબત્ત, આપણા શરીરની પાચનપ્રણાલીમાં થઈને નીકળતાં આ દ્રવ્યો બાબતે કશું કરવું આપણા હાથમાં નથી એ એક વાત થઈ. બીજો મુદ્દો વિવિધ દવાઓના અયોગ્ય નિકાલનો છે, જે વધુ ચિંતાજનક છે. વણવપરાયેલી કે મુદત વીતી ચૂકી હોય એવી દવાઓને આપણે મોટે ભાગે રસોડાના સિન્કમાં, સંડાસના ફ્લશમાં વહાવી દઈએ છીએ યા ગમે ત્યાં ફેંકી દઈએ છીએ. આ દવાઓ સીધેસીધી સ્યુએજપ્રણાલીમાં પહોંચે છે યા કચરાભેગી લેન્ડફિલમાં ઠલવાઈને આસપાસની જમીનમાં કે ભૂગર્ભ જળમાં ભળે છે.

તેનું ઉત્પાદન થતું હોય એવા વિસ્તારોમાં પણ તેનું પ્રદૂષણ ફેલાય છે. ઘરમાંથી નિકાલ થતાં પાણીની સરખામણીએ ફાર્માસ્યુટિકલ ઉદ્યોગમાંથી નીકળતા પાણીમાં વિવિધ દવાનાં ઘટકોનું પ્રમાણ દસથી એક હજાર ગણું સુધી વધુ હોય છે. કેટલાક કિસ્સાઓમાં દવાઓનું ઉત્પાદન કરતા વિસ્તારથી ત્રીસેક કિ.મી. દૂર સુધી આ રસાયણો મળી આવે છે.

આ ઉપરાંત કૃષિ અને પશુપાલનમાં વિવિધ હેતુસર અનેક એન્ટિબાયોટિક તેમજ હોર્મોનનો ઉપયોગ કરવામાં આવે છે, જે છેવટે એક યા બીજા માર્ગે પર્યાવરણમાં જ ભળે છે. આ દ્રવ્યોની સાંદ્રતા કદાચ ઓછી હોય તો પણ આવાં સક્રિય રસાયણોની વિવિધ જળપ્રણાલીમાં વ્યાપક ઉપસ્થિતિની લાંબા ગાળાની અસરો ચિંતા કરાવે એવી હોઈ શકે છે. નદી, તળાવ કે તટીય વિસ્તારનાં પાણીમાં ભળતાં તે વન્યજીવન અને વિવિધ પર્યાવરણ પ્રણાલીની નૈસર્ગિક જૈવિક પ્રક્રિયાઓને ખોરવી શકે છે. ગર્ભનિરોધકોમાં વપરાતા કૃત્રિમ અંતઃસ્રાવનું પ્રમાણ લિટર દીઠ એક નેનોગ્રામ જેટલું ઓછું હોય તો પણ તે માછલીઓની પ્રજનન પ્રણાલીને બદલી શકે છે. નર માછલીમાં તે માદાના ગુણો વિકસાવવા જેવી વિપરીત અસર તેનાથી થઈ શકે છે. દક્ષિણ એશિયામાં ગીધ લગભગ નામશેષ થઈ ગયાં એનું મુખ્ય કારણ ઢોરને અપાતી દર્દશામક દવાઓ હતી. એન્ટિબાયોટિક નદી કે અન્ય જળપ્રણાલીમાં પ્રવેશે ત્યારે તે એવી સ્થિતિ પેદા કરે છે જેને કારણે બેક્ટેરિયા આ દવાઓના પ્રતિરોધક બની જાય છે. આને કારણે એવાં જંતુઓ પેદા થાય છે કે જે સાદી સારવારને ગાંઠતા નથી.

માનવ માટે કદાચ પીવાનાં પાણીમાં રહેલા ઔષધિય અવશેષોને લઈને એટલું જોખમ ન હોય તો પણ તેની લાંબાગાળાની અસર બાબતે વિજ્ઞાનીઓ સાવચેતી વરતી રહ્યા છે.

આ પ્રદૂષણના નિવારણનો કોઈ ઉપાય ખરો? સમસ્યાની ઓળખ અને તેના સ્વીકાર પછીનો તબક્કો તેના ઉપાય વિચારવાનો છે. અનેકવિધ મોરચે તેના માટે કામ કરવું પડે એમ છે. દવાઓનો આડેધડ નિકાલ ન થાય એ વ્યક્તિગત તેમજ સામુહિક ધોરણે સુનિશ્ચિત થાય એ જરૂરી છે. નકામા પાણીના નિકાલ માટેના પ્લાન્ટની ટેક્નોલોજીમાં પરિવર્તન કરવું અતિ જરૂરી છે. તેમાં કાર્બન ફિલ્ટરેશન, ઓઝોનેશન, આધુનિક ઓક્સિડેશન પ્રક્રિયાઓએ સંતોષકારક પરિણામ દેખાડ્યાં છે.

આ ઉપરાંત નીતિગત જોગવાઈ મહત્ત્વનું પરિબળ બની રહે એમ છે. સરકારોએ નિરીક્ષણનું સુયોગ્ય માળખું ગોઠવવું જરૂરી છે. આ ઉપરાંત ઔષધિય ઉત્પાદનઉદ્યોગ ક્ષેત્રે પણ આ બાબતે જાગૃતિ લાવવી જરૂરી છે, જેથી તેઓ પોતાના સ્તરે આનો અમલ કરી શકે. આ સમસ્યાનો વ્યાપ એટલો બધો જોવા મળ્યો છે કે એ ચિંતા કરાવે. આથી તેના અંગે અત્યારથી યોગ્ય રીત વિચારવામાં નહીં આવે તો આખી સમસ્યા વકરીને કાબૂ બહાર થઈ જાય એવી પૂરી શક્યતા છે.

ફીર દેખો ચારોં
બીરેન કોઠારી

માનવ માટે કદાચ પીવાનાં પાણીમાં રહેલા ઔષધિય અવશેષોને લઈને એટલું જોખમ ન હોય તો પણ તેની લાંબાગાળાની અસર બાબતે વિજ્ઞાનીઓ સાવચેતી વરતી રહ્યા છે

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

કોમનવેલ્થ ગેમ્સ 2030માં સુરતનું ઈન્ડોર સ્ટેડિયમ કેમ નહિ?

સુરતના સત્તાધીશો સવેળા જાગે. ઈન્ડોર સ્ટેડિયમ, બધી જ ઈન્ડોર ગેમ્સ માટે શ્રેષ્ઠ છે, ધોળો હાથી નથી. ચૂંટણી પહેલાં દબાણ લાવો, અત્યારે રાઈટ ટાઈમ છે, પછી કોઈ સાંભળશે નહીં.

ગુજરાતના આર્થિક પાટનગર અને વસ્તીમાં અમદાવાદથી માત્ર દસેક ટકા જ નાના, જ્યારે વડોદરાથી ત્રણ ગણા મોટા, સુરતને રાબેતા મુજબ બધામાં જ અન્યાય થાય છે, તેમ આમાં પણ, હડહડતો અન્યાય થયો છે અને સુરત પાસે આખા ભારતનું સર્વશ્રેષ્ઠ ઈન્ડોર સ્ટેડિયમ હોવા છતાં, તમામ ઈન્ડોર ગેમ્સમાંથી પણ સંપૂર્ણ બાકાત રખાયું છે. સરકારને જ્યારે બીજું કોઈ ના મળે ત્યારે સરકાર નેશનલ ગેમ્સ માત્ર રડ્યોખડ્યો ચાન્સ સુરતને આપે છે તો પ્રતિષ્ઠિત કોમનવેલ્થ ગેમ્સમાં કેમ નહિ? કોમનવેલ્થ ગેમ્સની ટીમ તા. 11 એપ્રિલ સુધીમાં વડોદરા અને એકતાનગરની મુલાકાત લેવાની છે. જો તાકીદે સત્તાધીશો પગલાં નહીં લેશે, તો આવી સુવર્ણ તક આપણે ગુમાવીશું.

સુરત - ભદ્રેશ શાહ

ગરીબનો બેલી પરમેશ્વર

અનુસૂચિત જનજાતિ સરળ શબ્દમાં કહીએ તો આદિવાસી સગીર છોકરીને લગ્ન કરીને મધ્ય પ્રદેશથી છેક કેરળ લગી લઈ જવામાં આવી. કુંભમેળામાં પેટિયું રળતી આ છોકરી તેના સૌંદર્યને કારણે વાયરલ થઈ હતી. સમાચારમાં જો કે એવી સ્પષ્ટતા કરાઇ છે કે આ વિશે એક ખોટું નેરેશન ઊભું કરાઇ રહ્યું છે / હતું. વાસ્તવમાં આ એક અંગત મામલો છે. ખેર, એ જે કંઇ હોય તે. મહત્ત્વના બે મુદ્દા જોઈએ તો સૌ પ્રથમ એ ધ્યાનમાં આવે છે કે એક સગીર વયની કન્યાને ખોટા દસ્તાવેજ દ્વારા પરણાવી દેવામાં આવી. બીજું કે એમ.પી. થી છેક કેરળ સુધી જો આના તાર જોડાયેલા હોય તો આ બાબત કેટલી ગંભીર છે. પણ કહેવત છે ને 'ગરીબનો બેલી પરમેશ્વર'. પરમાત્માને પ્રાર્થના કે પેલી ફિલ્મ 'કેરળ સ્ટોરી' જેવું આ અબુધ છોકરીનું ના થાય. સંતોષ એટલો છે કે સરકારી તંત્ર હવે કંઇક ઊંઘમાંથી ઊઠ્યું છે અને પગલાં લેવા માંડ્યું છે. જો એ છોકરી આદિવાસી હોય તો એ સમાજવાળા પણ આમાં કંઇક કરે.

સુરત - ચેતન સુશીલ જોષી

2047નું ભારત કેવું હશે?

ભારત ખેતીપ્રધાન દેશ છે ૮૫ ટકા વસ્તી ગરીબી રેખા હેઠળ જીવન વિતાવે છે ૮૦ના દાયકાની સરખામણી મા હાલ ખૂબ જ મોટું પરિવર્તન આવ્યું વિકાસ ખુબ થયો છતા મોઘવારી, ટ્રાફિક ની સમસ્યા યથાવત, શિક્ષણ અને આરોગ્ય સુવિધા મેળવવા ખુબ મોટો ખર્ચ થાય. હાલમા રહેવા માટે ઘરોની જરૂરિયાત માટે ખુબ સંઘર્ષ વેઠવો પડશે. રસ્તાઓ પહોળા કરવા માટે અત્યારથી આયોજન કરવું પડશે.2047નુ ભારત કેવું હશે તેના સ્વપ્ના કે કલ્પના કરવાથી કશું ન થાય.2047નો માસ્ટર પ્લાન અત્યારથી જ તૈયારીઓ કરવી પડશે. જમીન વધવાની નથી કોઈ નવો વિકલ્પ વિચારવો પડશે. એવુ નથી લાગતું.

સુરત - ચંદ્રકાંત રાણા

સુરતની ખરી ઓળખ

આપણું સુરત શહેર સદીઓથી એકતા અને સદ્ભાવનાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડી રહ્યું છે. સુરતના દિલ્હી ગેટ જેવા વ્યસ્ત વિસ્તારમાં આવેલી 'વૈરાગીની વાડી' ની ગલીમાં જે દ્રશ્ય જોવા મળે છે, તે કદાચ આખા ભારતમાં વિરલ છે.

અહીં વર્ષો જૂના પૌરાણિક મહાદેવના મંદિરની બિલકુલ બાજુમાં જ એક પવિત્ર દરગાહ આવેલી છે. આ સ્થળની સૌથી મોટી વિશેષતા એ છે કે આ ગલીમાં એક પણ મુસ્લિમ પરિવાર રહેતો નથી. આ પવિત્ર દરગાહની સારસંભાળ અને મર્યાદા જાળવવાની જવાબદારી પેઢીઓથી અહીં રહેતા સ્થાનિક ખત્રી, ગોલા અને મરાઠી પરિવારો દ્વારા ઉઠાવવામાં આવે છે.

સવારે મંદિરમાં શંખનાદ થાય અને સાંજે દરગાહ પર લોબાનનો ધૂપ અપાય, ત્યારે અહીંની હવામાં માત્